સાલ : ૨૦ / સિલસિલાવાર નંબર : ૧૭૦ / શુમારો : ૨ | બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ | કુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રબીઉલ અવ્વલ - રબીઉલ આખર ૧૪૪૪ / ઓક્ટોબર - નવેમ્બર ૨૦૨૨

# જાન-નફસની તરબીયત

ઈમામે આલે મોહંમદ ૯ માં ફાતેમી ઈમામ મૌ.અહમદ અલ-મસ્તૂર (અ.સ.) આપના બલંદ પાયા કિતાબ ઈખ્વાનુસ્સફામાં ઈન્સાની નફસની તરબીયત વાસ્તે ફરમાવે છે કે, આ દુનિયામાં હરએક નફસ અલ્લાહતઆલા તરફથી તાઈદ, મદદ અને યારી તલબ કરે છે. કોઈ નફસ આના બગૈર રહી શકતી નથી. જેમ જેમ રૂહાની વસીલાઓથી ઈલાહી મદદ એક નફસ -જાન વાસ્તે આવતી જાય છે, તેમ તેમ નફસ તેની ફઝીલતોમાં વધતી જાય છે. તેની રોઝી કમાતી જાય છે. હવે, નફસ પર વાજિબ થઈ જાય છે કે, તે જ અખ્લાક પર ચાલે કે, જે પર નબીઓ ચાલી ગયા હોય, તે જ ચીઝો ને પસંદ કરે કે, જે ચીઝો થી નબીઓએ પોતાના જાનોને ઝીનતદાર કીધા હોય. તો જ તે નફસનું દરજા-બ-દરજા ચઢવું મુમ્કિન થાય.

આ તરહ કરવું એક જાન વાસ્તે આસાન નથી. કેમકે, તે તેને જિસ્મની તબીઅતોમાં પડેલી છે. જિસ્મની કૂવતોની બંદિશોમાં તે જકડાયેલી છે. તરહ-તરહની આદતો અને ચાલ-ચલનની લાચારીની તે કૈદી છે. જિસ્માની શિક્લો અને અહેસાસોનો તેને સામનો કરવાનો છે. આ જિસ્માની કૂવતોમાં અક્લ-ફિકર કરવાની કૂવત-તાકત ઘણી ભારી છે. જિસ્મ એક મકાનમાં હોય મગર અક્લ-તસવ્વુર કોઈ બીજા જ મકાનમાં હોય છે. વહેમ-અનુમાન-ખયાલાત અક્લની કૂવતને ઘેરો કરીને બેસે છે. **ચંદ કૂવતો પર ઇન્સાનનો ઇખ્તિયાર હોય છે અને ચંદ પર કાબૂ હોતો નથી.** લેહાઝા, નફસની તરબીયત કરવી ઝરૂરી થઈ જાય છે. તમામ કૂવતો પર હાવી અક્લની કૂવત છે. તેના પર ઈખ્તિયાર હાસિલ કરવા ઈન્સાનને અમલ-હિકમતના કારીગરોની હાજિત પૈશ થાય છે. શરીઅતના કાનૂનની ઝરૂરત પડે છે. તે વાસ્તે ફરિશ્તા-સિફત અને નૂરાની-સીરત વાલા હક્કના સાહેબોની સોહબત લાઝિમ થઈ જાય છે.

અલ્લાહતઆલાએ ઈન્સાનને બેશુમાર કૂવતો આપેલી છે. તેમાંથી કેટલીક કૂવતો **નફસે નબાતીયહ** (ઉગનારી નફસ) તરફ મન્સૂબ થાય છે. કેટલીક કૂવતો **નફસે હયવાનીયહ** (જાનદાર ગૈર-ઈન્સાની નફસ) તરફ મન્સૂબ થાય છે. કેટલીક કૂવતો **નફસે ઇન્સાનીયહ નાતેકહ** (બોલનાર ઈન્સાની નફસ) તરફ મન્સૂબ થાય છે. કેટલીક કૂવત અને સિફતો **નફસે આકેલહ હિકમીયહ** (બાલિગ મુમિનની નફસ) ની તરફ નિસ્બત થાય છે. કેટલીક સીરત અને કૂવતો **નફસે મલકીયહ નામૂસીયહ** (ફરિશ્તાઈ પાકીઝા નફસ) ની તરફ રૂજૂઅ થાય છે.

આ ઝિક્રમાં પહેલા હમેં નફસની તે કૂવતોની બયાની કરીએ કે, જે નબાતીયહ શહવાનીયહમાં શામિલ છે. જે કૂવત-શહેવતથી ઈન્સાન ખાસ જોડાયેલો છે, તેમાં પહેલી જમવાની-ગિઝાની શહેવત છે. આ ખ્વાહિશ ઈન્સાનમાં જાગતી રહે છે, આગ જેમ ભડકતી રહે છે. જે ચીઝ ખાવામાં આવે છે, તેની તરફ જાન શૌક કરે છે. તે ચીઝ તલબ કરવામાં નિહાયત હિર્સ કરે છે. ખાવા-પીવાની ચીઝોને હાસિલ કરવામાં તે ખૂબ મહેનત-મશક્કત ઉઠાવે છે. યહાઁ તક કે, તે વાસ્તે ઝિલ્લત પણ બરદાશત કરે છે. જહાઁ કહીં તેને જમન-પાની મિલે કે, જે તેને ખુશ કરે, રાહત આપે, લઝઝત આપે પછી ખ્વાહિશ પૂરી થઈ જાય, પેટ ભરાઈ જાય અને ખાવા-પીવાની બધી ચીઝો તેને કિફાયત થઈ જાય તો તે મૂઁહ ફિરાવી દે છે. ઝિયાદહ થઈ જાય તો તે જમવાથી મલાલ અને કરાહીયત કરે છે. આ તરહ આ નફસ નબાતીયહ છે. **યાઅની જમવાની ખ્વાહિશને પૂરી કરીને હમેશા ઉગનારી નફસ.**

(બકીયાહ પેજ નં. ૨ પર)

**હદફ-ટાર્ગેટ તય કરવો આસાન છે, મગર તેને હાસિલ કરવો મુશ્કિલ છે.**

(પેજ નં. ૧ નું બાકી)

તે બાદ, આ નફસમાં જે કૂવત છે, તે **કૂવતે જાઝેબહ** છે યાઅની પેટમાં જે કઈ જમન ગયું તેમાંથી બહેતર ચીઝને પાની સાથે તે ચુસી લે છે. આ કૂવત તેને તરો તાઝગી અને ફરતો નશાન બખ્શે છે. તે બાદ, **કૂવતે માસેકહ**નો વારો આવે છે. આ કૂવત જમનમાંથી ચુસેલા માદ્દહને જિસ્મના હરએક નાનો-મોટા હિસ્સા તક નસોના ઝરીએ પહોંચાવવા વાસ્તે ઝખીરો કરે છે, પકડીને રાખે છે. તે બાદ, **કૂવતે હાઝેમહ** આવે છે. જે કઈ જમન તનાવુલ કરવામાં આવું હોય તેને આ કૂવત હઝમ કરવામાં - પચાવવામાં મદદ કરે છે. કૂવતે માસેકહ સાથે મિલીને આ કૂવત કામ કરે છે અને જમન જમવાના મકસદને તેની ઈન્તેહા તક પહોંચવે છે. તે બાદ, **કૂવતે દાફેઅહ** આવે છે. યાઅની જમનનો જે માદો કૂવતે માસેકહએ ઝખીરો કીધો તેને જિસ્મના હર કોના પર પહોંચાવી દેવાનું કામ કરે છે. દફઅ કરનારી આ કૂવત જમનની તાકતને જિસ્મના નાના-નાના હિસ્સામાં વહેંચી દે છે.

નફસમાં જે બીજી કૂવત છે તે **ગાઝીયહ** છે. યાઅની કે, જિસ્મના ઝરીએ ગિઝા-જમન લઈને ખુદને ઝિંદા રાખે છે. તે બાદ, નામીયહ આવે છે. તે નફસને વધારે છે, ઉગાવે છે અને શિકલ આપે છે. હર આઅઝા-અંગવાને તે મખ્સૂસ સૂરતમાં ઢાલે છે. આ નફસે નબાતીયહને સમઝવું અને જાણવું એ તરહ ઝરૂરી છે કે, હર જાનદાર ચીઝની ૬ જેહત-પાસાં હોય છે, કે જેથી તેની પહેચાન કાઈમ થાય. આ ૬ જેહત કઈ કે, (૧) યમીન-જમણું (૨) શેમાલ-ડાબું (૩) કુદ્દામ-આગલ (૪) ખલ્ફ-પાછલ (૫) ફૌક-ઉપર અને (૬) તહત-નીચું. આ જેહાતોની બંદિશથી જિસ્મ બને છે અને જિસ્મ ના હુદૂદથી નફસની શિકલો સૂરત નમૂદાર થાય છે.

અલ્લાહતઅલાથી હમેં એ ઉમ્મીદ રાખીએ કે, જે ઉગનારી નફસ છે, તે બાદ હયવાની નફસ છે, તે બાદ ઈન્સાની નફસ છે, તે તમામને હમેં **તેના હક્ક, વક્ત, સોહબત, તાકત, કુદરત, ઇલ્મ, હિકમત, અમલ, ગિઝા મુજબ તરબીયત આપીએ.** ઈન્સાની નફસને અમલ અને ઇલ્મથી સઁવારીને એવા ઉંચા મકામ પર લઈ જઈએ કે, જેનાથી તે નફસ મલકી-ફરિશ્તાઈ બની શકે. આના વાસ્તે હમને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની નસીહત, હિદાયત અને મજલિસ દરકાર છે. આપ સૈયેદના સાહેબ હમને તરબીયત આપનાર છે. આપે ઈમામુઝઝમાન (અ.સ.) ની તાઈદ હાસિલ કરીને હમારી નફસોને પાક કરનાર છે. આપના મીસાક-બયઅતના સબબથી હમારી નફસો નજાતની સીડી ચઢી શકશે. કુદસાની આલમમાં સૈર કરવા વાસ્તે નફસનું રૂહાની આલમમાં પરવાઝ કરીને મલકી-ફરિશ્તાઈ બનવું ઝરૂરી છે. આપ મૌલાની દોઆથી હમેં ઝરૂર આ હમારી ઝિંદગીના મકસદને પરામી શકીશું. ✯

## ઈમાનમાં અવ્વલ

રસૂલલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, તમામ ઉમ્મતોમાંથી ત્રણ શખ્સો "**સુબ્બાક**", યાઅની ઈમાનમાં પહેલા દાખિલ થાનાર, તમામથી સબાકત કરનાર છે. જેઓએ આઁખની એક મિચકાર પણ અલ્લાહનો કુફ્ર નથી કીધો. (૧) હબીબુન્નજ્જાર (આલે યાસીનના મુમિન), (૨) હિઝકીલ (આલે ફિરઔનના મુમિન), (૩) મૌ.અલી (આલે મોહંમદના મુમિન). મૌલાના અલી (અ.સ.) તમામમાં અફઝલ છે કેમકે, આપ અમીરૂલ મુમેનીન છો, યાઅની ઈમાનદારોના સરદાર છો.

હિઝકીલ સુથાર હતા અને ફિરઔનના કાકાના દીકરા હતા. **મૌ.મૂસા (અ.સ.) વાસ્તે સંદૂક (પેટી) આપે જ બનાવી હતી અને ફિરઔનથી પોતાનું ઇમાન છુપાવતા હતા.** યહાઁ તક કે, દરબારે ફિરઔનમાં જે વક્ત મૌ.મૂસા (અ.સ.) જાદૂગરો પર હાવી થઈ ગયા, તો સઘલાએ ઈમાન કુબૂલ કરી લીધું, તે વક્ત હિઝકીલે પણ ઇઝહારે ઈમાન કરી લીધું. આ સબબ ફિરઔનના હુકમથી આપ પણ જાદૂગરો સાથે સૂલી પર ચઢાવવામાં આવા અને શહીદ થઈ ગયા. ✯

**જે શખ્સ કોઈ બૈરો સાથે એના હુસ્નો જમાલ અને દૌલતના સબબ શાદી કરશે,**

## પુરદર્દ મરસીયહ
## દર ઈન્તેકાલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)

રોઓ અય મુમેનીં કે ગમે મુસ્તફા હે આજ,
દારે ફના સે રૂખ્સતે ખૈરૂલ વરા હે આજ,
ગમ મેં તમામ આલે નબી મુબ્તેલા હે આજ,
સર પર પડી બતૂલ કે રંજો બલા હે આજ,
સામાને તાઅઝીયત હે મોહંમદ કી આલ મેં,
ઝહરા યતીમ હોતી હે અઠારા સાલ મેં.
અલ-કિસ્સા ગુલ ઉઠા કે જહાઁ હો ગયા ખાલી,
ઝહરાને કહા હો ગઈ બે-વારિસો વાલી,
સામાન યતીમી કા હુવા કૈસે બહાલી,
આઈ હે રાત અબ તો ફકીરી કી યે કાલી.
બિન બાપ કી મૈં હો ગઈ લોગો ન જીઊંગી,
અબ મૈં ન જીઊંગી, ન જીઊંગી, ન જીઊંગી.
ફાકા ઉઠાનેવાલે ઝરા આઁખ ખોલ દો,
ઉમ્મત કો રોનેવાલે ઝરા આઁખ ખોલ દો,
ઈઝા ઉઠાનેવાલે ઝરા આઁખ ખોલ દો,
જન્નત બસાનેવાલે ઝરા આઁખ ખોલ દો,
ચહેરે સે ઝરા ગોશએ ચાદર તો ઉઠાવો,
ક્યા સો રહે હો મૂઁહ તો નવાસે કો દિખાવો.
ફિર રોકે યે ફરમાયા કે દેખો મેરી હાલત,
પૈવંદ હે જિસ મેં વો રિદા સર પે હે હઝરત,
બચ્ચોં સે મેરે તુમ કો નિહાયત હે મોહબ્બત,
ઈસ વક્ત નહીં હોતી હે ક્યૂં ઈન પે ઈનાયત,
મુઝ માઁ સે યે રૂઠે હૈં મનાતે નહીં ઈનકો,
અબ ઉઠ કે કલેજે સે લગાતે નહીં ઈનકો.
મશ્ગૂલ હુએ ગુસ્લો કફન કે લીએ હયદર,
શૈદાએ નબી જમ્અ હુએ દેવડી પર આ કર,
જબ લે ચલે જનાઝા મુહિબ્બાને પયમ્બર,
તબ ફાતેમા ચિલ્લાને લગી પીટ-પીટ કર,
બાબા ચલે તુમ કબ્ર મેં સોને કે વાસ્તે,
ઝહરા કો છોડા પીટને રોને કે વાસ્તે.
અય મુમિનો, ઝબાનએ ફિઝ્ઝા કા હે બયાઁ,
ઘર સે હુવા જનાઝા પયમ્બર કા જબ રવાઁ,
બૈઠી કી બૈઠી રેહ ગઈ મખ્દૂમએ જહાઁ,
એક હફતા રાત-દિન રહી હુજરે કે દરમિયાઁ,
જિસ વક્ત નિકલી હુજરે સે બેટી રસૂલ કી,
પહેચાની બીબીઓને ન સૂરત બતૂલ કી.
ફિઝ્ઝા બયાન કરતી હે ઉસ વક્ત કા યે હાલ,
દુબ્લા બદન હે લગતા હે વો સૂરતે હિલાલ,
માતમ કે નીલ સીને પે રોને સે આઁખ લાલ,
મૂઁહ ઝર્દ, હોંઠ ખુશ્ક, પરૈશાન સર કે બાલ,
રોતી ચલી બતૂલ મઝારે રસૂલ પર,
કહેતી થી કર રહેમ અય ખુદા તું બતૂલ પર.
નિકલે ઘરોં સે અહલે મદીના યે જાન કર,
કોઈ સંભાલે દિલ કોઈ થામે હુએ જિગર,
રોતે થે સબ કે સબ વહાઁ ઝહરા કો દેખ કર,
અલ્લાહ મકામે રહેમ હે ઝહરા કે હાલ પર,
દેતે હૈં સબ દોઆ કે ઠહેર જાએ ફાતેમા,
પર ફાતેમા યે કહેતી હે મર જાએ ફાતેમા.
યૂઁ બેહવાસ કબ્ર પર વો નૌહાગર ચલીં,
સર કો ઝુકાએ ખાક-બસર ખાક પર ચલીં,
થી દિલ સે ગુફ્તગૂ કિધર આઈ કિધર ચલીં,
કિસકી બનાઈ કબ્ર કહાઁ બેખબર ચલીં,
છાતી કલક સે દેખનેવાલોં કી ફટ ગઈ,
લેકર બલાએં કબ્ર સે ઝહરા લિપટ ગઈ.
ફિર રોકે કહા વા અબતા યા મોહંમદા,
શાહોં કે શાહ વા અબતા યા મોહંમદા,
નૂરે ઈલાહ વા અબતા યા મોહંમદા,
દીં કી પનાહ વા અબતા યા મોહંમદા,
(બકીયાહ પેજ નં. ૯ પર)

**તો વક્ત જાતા તેઓ દરમિયાન મોહબ્બત બાકી નહીં રહે.**

## મીલાદે હાતિમી
## ૬૫ મી સાલગિરહ : ૮ રબીઉલ અવ્વલ

### સૈ.વ.મૌ.અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.)

### -::: ઔર ઝિયાદહ :::-

હે દાઈકી ખિદમત મેં સલામ, ઔર ઝિયાદહ,
કર દીજે કરમ મુઝ પે ઈમામ, ઔર ઝિયાદહ,

✶ મેરા નામ ભી હો રકમ ચાહતા હું,
કરમ મૈં અય દાઈ, કરમ ચાહતા હું,
કહે ખલ્ક ફિદિયા મુઝે આપકા,
યે ઈઝ્ઝત, યે લુત્ફો કરમ ચાહતા હું.

હો સાલગિરહ તુમકો મુબારક મેરે મૌલા,
બઢતા રહે દાઅવત કા નિઝામ, ઔર ઝિયાદહ,

✶ અય શહે હાતિમ ઝકીયુદ્દીન હો તૈયેબ કે લાલ,
હર તરહ સે રાસ આએ આપકો ૬ પવાઁ સાલ,
મિસ્લે ખુરશૈદે મુનવ્વર નામ ચમકે આપકા,
પાસ તક આને ન પાએ કોઈ ગમ, કોઈ મલાલ.

હો ઉમ્ર દરાઝ આપ કી યે હક્ક સે દોઆ હે,
કરતા હું યે ખાલિક સે કલામ, ઔર ઝિયાદહ.

✶ જો દાઈ હમારે યે હાતિમ ઝકી હે,
ગુલામી મેં ઈન્કી મેરા નામ લિખ દે,
ઝરૂરત અગર પૈશ આએ તો યા રબ,
મેરી ઉમ્ર ભી આપ કે નામ લિખ દે.

હમકો સરે તસ્લીમ હે દાઈ કી હિદાયત,
ક્યા દેગા કોઈ હમકો પયામ, ઔર ઝિયાદહ.

✶ ગુલ કો દેખો ન ખાર કો દેખો,
ગુલસિતાઁ કી બહાર કો દેખો,
દીન કી શાન દેખના હે અગર,
દીન કે તાજદાર કો દેખો.

ઈશ્કે શહે હાતિમ મેં મુઝે નિંદ ન આએ,
હો જાએ મેરી નિંદ અબ, હરામ ઔર ઝિયાદહ.

✶ કુછ કમ નહીં હે મેરે લીએ ફખ્ર કી યે બાત,
કરતા હું ઈનકી મદહ ઝબાઁ સે મૈં દિનો રાત,
ઉલ્ફત સે ઈનકી પુર હે મેરે દિલ કી કાએનાત,
હો ઝૈરે સાયા દાઈ કે યે મૌત ઔર હયાત.
અલ્લાહ કે કરમ સે વો ઈઝ્ઝત નસીબ હે,
દાઈ કે ઈશ્ક કી મુઝે દૌલત નસીબ હે.

મૈં ભી તો હું મયકશ તેરે મયખાને કા મૌલા,
છલકે મએ તૌહીદ કા જામ, ઔર ઝિયાદહ.

✶ આજ યે ગુલ્શને હાતિમ મેં બહાર આઈ હે,
હર તમન્ના દિલે નાશાદ કી બર આઈ હે,
જામ ઉલ્ફત કે પિલા ઔર પિલા, અય સાકી,
આજ મયખાના ભી કેહ દે કે બહાર આઈ હે.

ઉતરે ન નશા તેરી વલા કા મેરે મૌલા,
કરતા હે યહીં, અરઝ ગુલામ, ઔર ઝિયાદહ.

✶ બહાર આઈ હે યાઁ સાકીએ શરાબ પિલા,
દિલો મૈં નૂર હો પૈદા વો આફતાબ પિલા,
મએ વલાએ જનાબે અબૂ તુરાબ પિલા,
અગર હિસાબ કા ડર હે તો બેહિસાબ પિલા.

નિસ્બત કી મસર્રત હે યે મીલાદ મેં શામિલ,
હમ ખાએંગે ફિર આજ તો, તઆમ ઔર ઝિયાદહ.

✶ ઈસ બઝમ મેં મચી હે બહુત ધૂમ સર-બ-સર,
ઔર દેખ લો ખુશી કે હૈં આસાર હરએક પર,
ચમકે નસીબ સબકા યે દીદારે દાઈ સે,
દિલ ખિલ ઉઠે પડ જાએ દાઈ કી એક નઝર.

અન્વર તેરે સખુન કી યહાઁ મિલ રહી હે દાદ,
ઉકબા મેં પાએંગા તું, દામ ઔર ઝિયાદહ.

✶ સખુન જબ મુખ્તસર સે હો, તો મઝા આ જાએ,
દિલ મહેક ઉઠે સખુન સે તો મઝા આ જાએ,
હર સખુન શહેદ હે, દાઈ કી મદહખ્વાની મેં,
ગર શહેદ થોડા હી ચખ લે, તો મઝા આ જાએ. ☆

**જે શખ્સ કોઈ ગરઝ-મતલબ, લાલચ યા બદલાથી કોઈની ખિદમત લઈ ઉઠશે અને**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૨
## અલવી અકીદાઓ - અકીદો - ૩૯

**(ગયા શુમારાનું બાકી)**

**મુકદ્દમો - પ્રસ્તાવના :**

લોગોની આ બદતરીન હાલતને મદ્દે નઝર રાખીને જે મુજબ તમેં, અય મારા મહેરબાન ભાઇ ! ખૂબ જ રંજો અલમ અને ખુલૂસે દિલથી લોગોની દીનદારીના બિગડેલા હાલાત અને કૈફીયતે બદની બયાની કીધી છે. હમને એ વાત તરફ મુતવજ્જહ કીધા છે કે, હમારા અકીદાઓની આસાન સમઝ અને તેની તશરીહની એક મુકમ્મલ ઝિક્ર અને યાદી હોવી જોઇએ. તેથી તમારા મુતાલેબા અને એતેરાઝને ઈન્સાફ આપતા હમને આ વાત મુનાસિબ માઅલૂમ પડે છે કે, ઝરૂર ! અહલે વલા અને હક્કના મુમેનીન વાસ્તે **એક જામેઅ અને મુસ્તનદ કિતાબની** તાલીફ-તરતીબ કરવી જોઈએ, બનાવવી જોઈએ કે, જેનાથી ઈલ્મો અદબના શૌક રાખનાર મુમેનીન ઈલ્મી ફાયદો હાસિલ કરે. આ કિતાબના સબબ તેઓ પોતાના દીનો ઈમાનને મઝબૂતો મુસ્તહકમ કરી શકે છે.

આ ગરઝો ગાયતને ઈન્સાફ આપવા હમેં આ કિતાબની તસ્નીફો તાલીફ કીધી અને તેને એ મુજબ તરતીબ આપી કે, તાલિબે ઈલ્મ હમારા અકીદાઓને સિલસિલાવાર બરાબર વાંચી શકે, સમઝી શકે. આ કિતાબનું નામ હમેં, **"તાજુલ અકાઇદ વ માઅદનુલ ફવાઇદ"** આપું છે. હમારી બહેતર કોશિશના બાવુજૂદ અગર આ તસ્નીફમાં કોઈ જગા પર ખલા યા ખલલ માઅલૂમ પડે, તો ઝરૂર બિલા તકલ્લુફ હમારો તવજ્જોહ તે તરફ કરાવે, જેથી **કિતાબના સબક-દરસ અને પઢાઇ** દરમિયાન અકાઈદની સમઝ અને બયાનીને વધારે આસાન બનાવી શકાય. આ તરહ હમેં હમારા મકસદને હાસિલ કરી શકીએ.

હમારી મિસાલ એવા સાહેબો જેવી છે કે, જે પોતાની આઁખોથી આસ્માન પર સૂરજની તરફ જોઈ રહ્યા હોય અને તે સૂરજની રોશની-ચમક એ મુજબ તૈઝ હોય કે, આઁખો અંજાઈ જાય અને જોવું દુશ્વાર થઈ જાય. હકીકતમાં આ હમારા અકીદાઓના ઈલ્મના ચંદ સાહબો જે સૂરજની રોશની ની માનિંદ છે, તેઓના ઈલ્મી કારનામાઓના સામે હમારી આ અદના કોશિશ ઘણી મુખ્તસર છે. તેઓની ખિદમાતને જોઈને હમેં હમારી ઝાતને ખૂબ નાના સમઝીએ છીએ. આ સાહેબોએ હક્કના અકીદાઓ વાસ્તે એવા બલંદપાયા અને અફઝલતરીન બયાનો કીધેલા છે કે, **જેના નઝદીક હમેં હમારી તદબીરમાં આજિઝ અને કુસૂરવાર છે.** મગર તકાઝએ વકતને નઝરમાં રાખીને હમેં હમારા અકીદાઓને બયાન કરનારી કિતાબ તરતીબ આપી, હમેં ઝિમ્મેદારી નિભાવી, જેથી સવાલ કરનાર સાઈલ, તેના જવાબથી મહેરૂમ ના રહે અને એના દિલને તસલ્લી અને તશફ્ફી પહોંચે.

ઈમામુઝઝમાન (અ.સ.) ના ઝુહૂરના ઝમાનમાં કે, જે વક્ત ફલકે દીન પર આફતાબે ઈમામત પૂરી તાબિંદગી સાથે ચમકી રહ્યો હતો, તે વક્ત હમારા ઈસ્માઈલી અકીદાઓ પર મુન્હસિર અને મબ્ની કિતાબોને હમારા દોઆતે બલાગે તસ્નીફ ફરમાવા હતા. આ તમામ કિતાબોનો નિચોડ, **હમેં હમારી કિતાબમાં ૧૦૦ અકીદાઓને** બયાન કરીને આપી દીધો છે. આ અકીદાઓની ફહેરિસ્ત બનાવી છે અને તે તમામની સિલસિલાવાર વઝાહત કરી દીધી છે. આ હમારી મખ્સૂસ કિતાબ ફક્ત હક્કની દાઅવતમાં ઈમાન રાખનાર મુમેનીન વાસ્તે જ છે. આ હમારા અકીદાઓના બરખિલાફ અગર કોઈ શખ્સ એવા અકીદાની ઝિક્ર પઢે યા સાંભલે, તો એના પર લાઝિમ છે કે, તે ફસાદદાર અકીદાને પોતાના દીન નો હિસ્સો ના સમઝે મગર તેના ખિલાફ સમઝે. તેના તરફ તવજ્જોહ ના કરે. તેના ઉપર અમલ ના કરે. તેને કોઈ પણ લેહાઝથી કુબૂલ ના કરે.

(બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**એની ખુશામદ કરશે, તો તેનો કોઈ અજરો સવાબ બાકી નહીં રહે.**

(પેજ નં. ૫ નું બાકી)

અહલે હક્ક એમ યકીન રાખે કે, હક્કની જમાઅતના મુમેનીનના દુશ્મનો જહાનમાં ઘણા હોય છે. હમારા ખિલાફ બેશુમાર કિતાબોમાં હમને બદનામ કરવા હમારા અકીદાને તોડી-મરોડીને પૈશ કરવામાં આવા છે, જેના સબબ લોગો આસાનીથી ગુમ્રાહ થઇ શકે અને અસ્લી અકીદા તરફ પહોંચી ના શકે. **આ એક સાઝિશ અને બનાવટ છે.** અલ્લાહતઆલા દીને કામિલ ઈસ્લામના અકીદાઓ કે, જે હમેં બયાન કરીએ છે તેના પર ઔલિયાઉલ્લાહ ચાલી ગયા છે, તે જ સાચા છે. આના બરખિલાફ જે કઇ પણ લખાયું છે યા કહેવામાં આવું છે, તે મુખાલિફો-મુનાફિકોની દગાબાઝી છે અને રસૂલ-વસી-ઈમામના દુશ્મનો-મુન્કિરોની ચાલબાઝી છે. આ ચાલબાઝોમાંથી એવા ઘણા છે કે, જેઓએ ઈમામે હક્કના દોઆતથી તાઅલીમ હાસિલ કીધી અને દુનિયા-તલબી વાસ્તે બગાવત કરી સિરાતે હક્કને મુકી દીધો, ભટકાઈ ગયા.

**અકીદો ૩૯ :** ઈન્તેકાલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ, મૌ.અલી (અ.સ.) નું ખામોશ રહેવું, ગોશા-નશીની ઈખ્તિયાર કરવી અને તે બાદ ઝાહિરી ખિલાફતને હાસિલ કરવી.

ગયા શુમારાનું બાકીનું બયાન :

તલ્હાએ એક દિન મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને ઘણી હલકી ઝબાનથી અને તોછડાઈથી કહ્યું કે, અય અલી ! મૈં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને આ ફરમાવતા સાંભલા છે કે, **"હમેં અહલુલ બૈત છે અને હમારા વાસ્તે અલ્લાહતઆલાએ દારે દુનિયા કરતા દારે આખેરત પસંદ કીધેલું છે.** યહાઁ, હમારા વાસ્તે ખિલાફત અને નુબૂવત બેવે એક સાથે જમાઅ નહીં થાય." આપ મૌલાએ આ તરહ બેહૂદા બકવાસ કરનારને કહ્યું કે, "અગર તું સાચો છે તો, અય શુરા ના લોગો ! તમારાથી વધીને બદતર અને શરારત-પસંદ કોઈ બીજો ગિરોહ નથી. જે વક્ત તમેં આ જાણતા હતા કે, રસૂલુલ્લાહ બાવાજીના મઝકૂર કૌલ મુજબ હું તખ્તે ખિલાફતને લાયક નથી, તો પછી ત્રણ બાદ ચોથા ખલીફા કૌન બને તે વાસ્તે કાઈમ કરવામાં આવેલી મજલિસે શૂરામાં તમેં લોગોએ મને કેમ દાખિલ અને શરીક કીધો !"

"અય તલ્હા ! યાદ રાખ કે, તારા જેવા સેંકડો લોગો થયા છે અને થાશે. હક્કને છુપાવનાર લોગો જૂઠા છે. યકીનન તું એમ જ છે. તુંએ જહન્નમમાં તારી બદતરીન જગા બનાવી લીધી છે. હવે તું બતાવ કે, આ મારી બયાની બાદ તું તારી ઝાતને કઈ તરહ જોઈ છે ! શું તુંને અઝાબે ઈલાહીનો ડર નથી ?" તલ્હા ખામોશ થઈ ગયો અને આમ પણ એ કાઝિબ પાસે શું જવાબ હોઈ શકે ! તે બાદ મૌ.અલીએ એને ડર અપાવીને અને તન્બીહ કરીને ફરમાવું કે, "તુંએ કોઈ વાર કુરઆન પઢેલા છે કે નહીં ? સાંભલ ! કુરઆન એમ કહે છે કે, હમેં આલે ઈબ્રાહીમ છીએ. હમને **અલ્લાહતઅલાએ મુલ્કે અઝીમ બખ્શેલું છે.** હમારા ઉપર હમારા દરજહના સબબ હસદ-અદેખાઈ કરવામાં આવે છે. હમારા મરતબાનું નૂર લોગોથી જોવાતું નથી. સબબ કે, તેઓથી હમારી ફઝીલત અને મંઝેલત બરદાશ્ત થાતી નથી."

આ જ મુજબ એક મરતબા મુનાફિકોએ આપની શાનમાં ગુસ્તાખી કીધી અને બદકલામી કરવા લાગા કે, "રસૂલુલ્લાહના ગુઝરવા બાદ અલીએ આજિઝી-કમ્ઝોરી અને મજબૂરીની વજેહથી પોતાનો હક્ક તલબ ના કીધો. ઘરનો કોનો ઈખ્તિયાર કરીને પોતાની ઝિમ્મેદારી ના નિભાવી." તે બદખ્વાહોથી મુખાતિબ થઈને આપ મૌલાએ ફરમાવું કે, "અય લોગો ! મને એમ ખબર મિલી છે કે, તમારામાંથી બાઝ એમ કહે છે કે, મૈં આજિઝી અને બેબસીની વજેહથી ઉમ્મતની સરપરસ્તી અને ખિલાફતનો હક્ક છોડી દીધો છે. **તો, તમેં સાંભલી લો ! આ ખયાલ અને તોહમત બિલકુલ ગલત છે.** મૈં તો ફક્ત મારા હબીબ, મારા રસૂલ, નબી સાહેબની વસીયત પર અમલ કીધો છે.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**અલ્લાહતઆલાથી કોઈ ચીઝની ઉમ્મીદ રાખીને કોઈ ઈબાદત કરશે, નમાઝો પઢશે,**

(પેજ નં. ૬ નું બાકી)

કસમ મારા રબની ! મૈં ચાહતો તો કોઈ પણ હાલતમાં તેને હાસિલ કરી શકતો હતો. મારા હાથ કમ્ઝોર નથી થયા યા મારી ઝુલફિકારના જૌહર ફીકા નથી થયા. પણ હમેં અલ્લાહના ઈઝ્ઝતમઆબ બંદા છે, તેના હુકમથી સર-તા-પા રૂગરદાની નથી કરી શકતા."

"અય લોગો ! ફરઝ કરી લો કે, મૈં મારી કમ્ઝોરીની બિના પર મારો હક્ક તર્ક કરી દીધો છે. તો શું આ મારો અમલ મારા તક જ છે અને તે મુજબ કોઈએ જ નથી કીધું ! ના, મૈં મારા પહેલા ૬ મોટા-અઝીમ અંબિયા-નોતકાની પૈરવી જ કીધી છે. **તેઓના અમલમાં અને મારા અમલમાં કોઇ જુદાઇ નથી.** અંબિયાની તકલીફ અને હાલાત મારાથી જુદા નથી. હઝારો સાલ થયા મગર દીને હક્કની બુનિયાદના અરકાન બદલાતા નથી."

"અય લોગો ! જેમ મૌ.નૂહ નજીયુલ્લાહ ફરમાવે છે કે, "અય મારા રબ ! હું મગલૂબ છું યાઅની ઝુલ્મથી દબાયેલો છું, તો તું મારી મદદ કર."

મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ ફરમાવે છે કે, "હું તમારાથી અને અલ્લાહ સિવાય જેની તમેં ઈબાદત કરો છો તેનાથી બરી છું, અલગ છું."

મૌ. મૂસા કલીમુલ્લાહ ફરમાવે છે કે, "તમારાથી ખૌફ કરીને હું ચાલો ગયો, તમારાથી દૂર થઈ ગયો."

મૌ. હારૂન વસી ફરમાવે છે કે, "મારી કૌમે મને કમ્ઝોર માની લીધો અને તેઓ મને કત્લ કરી દેવા ચાહતા હતા."

મૌ. લૂત નબી ફરમાવે છે કે, "કાશ ! હું તમારા પર તાકતવર હોતો."

આખિરમાં, મારા હબીબ રસૂલુલ્લાહ બાવાજીએ મક્કાથી મજબૂર થઈને હિજરત કીધી, તે મુજબ મૈં અમલ કીધો અને જ્યાં તક ખામોશ રહેવાનું મુનાસિબ હતું, ત્યાં તક હું પણ ખામોશ રહ્યો."

"પછી જે વક્ત ખુદ મુસલમાનો રસૂલુલ્લાહના ઈન્તેકાલ પછી ૨૫ સાલ બાદ લાચાર થઈ ગયા, બેસહારા થઈ ગયા, તંગ આવી ગયા તો એ તમામ ફિત્ના-પરવર લોગો મારા પાસે આવા. બઝાહિર મારા પાસે આવવા સિવાય કોઈ બીજો રસ્તો જ ન હતો અને મારા નઝદીક આજિઝી કરીને મને તખ્તે ખિલાફત પર બેસવા વાસ્તે મજબૂર કીધો. મૈં જે મકામે વસાયત પર કાઈમ હતો એના બાવુજૂદ વક્તની ઝરૂરતનો લેહાઝ કરીને ખિલાફત અને ઝાહિરી સરદારી કુબૂલ કીધી. તે બાદ, મૈં બિલકુલ નરમી ના કીધી. લોગોએ મીસાક તોડો, ઝુલ્મ કરવા લાગા, બદ્દીન થઈ ગયા અને દિલના કીના ઝાહિર કીધા. આ તમામનો મૈં સખ્તીથી મુકાબેલો કીધો. કોઈનો જબર કે દબાણ મારા ઉપર હાવી ના થાવા દીધો."

મૈં કહ્યું કે, "તમેં લોગો મને ગલત ના સમઝો. હું સાહેબે હક્ક છું અને સિરાતે મુસ્તકીમ મારા કદમોના ઝૈર છે. **હું બાતિલને પસ્ત કરનાર છું અને બેદીનોને મિટાવનાર છું.** હિકમતથી વક્તના તકાઝા તેમજ તલબને મુતાબિક અમલ કરનાર છું. અલ્લાહતઆલા બંદાઓને દરમિયાન ઈન્સાફ કરનાર છે, હુકમ કરનાર છે અને સાહેબે હક્કને યારી દેનાર છે તે વક્ત કે જ્યારે લોગો શરીઅતના અહકામને ઉચકવામાં કમી લાવે છે, તેઓના બાતિલ-બનાવટી કૌલથી રસૂલુલ્લાહ બાવાજીના હક્કને મિટાવે છે અને હિદાયતના રસ્તાથી કમફહેમ લોગોને ભટકાવે છે." ✯


---

**અલ્લાહતઆલાને નઝદીક તે જ આઅમાલ ઝિયાદહ પસંદીદહ છે કે,**
**જે હમેશા થાતા રહે, ભલેને તે થોડા હોય.**

**The deeds which Allaah likes the most are those which are most consistent even if they are less.**

**તો એ બંદાના દિલમાં તકવા અને ઈખ્લાસ બાકી નહીં રહે.**

## લફઝી કશ-મ-કશ




**✵ ઉભી તરકીબ :**

૧) હર ચીઝમાં ઈન્સાનને લાઈક નથી કે, કુસૂર કાઢા કરે અને ------- જોયા કરે, પણ એના ઉપર તાઅરીફ કરવી એટલી જ ઝરૂરી છે. (૨)

૨) અસ્હાબુલ ------- જન્નતમાં જાનાર સાહેબો છે અને અસ્હાબુશ શિમાલ જહન્નમમાં અઝાબ ઉચકનાર ગુનેહગારો છે. (૩)

૩) જે ચીઝ હમેં સીધા અલ્ફાઝમાં અને આમ બયાનીમાં કહીએ છીએ તે જો ------- માં અને તરન્નુમમાં કહેવામાં આવે, તો તેનો અસર ઝિયાદહ થાય છે. (૩)

૭) હબ્લુલ્લાહિલ મતીન યાઅની અલ્લાહતઆલાની મઝબુત ------- ઈમામુઝઝમાન (અ.સ.) ના હાથમાં છે, જે મુમિન પોતાનો હાથ એના ઈમામના હાથમાં મુકશે, એ અલ્લાહ તરફ ઝરૂર પહોંચી જાશે. (૨)

**✵ આડી તરકીબ :**


૨) ઈસ્લામ અને ઈમાન અલગ છે. જેમ ઈસ્લામના પાયા છે, તેમ ઈમાનના પણ પાયા છે. તે છે, અદલ, સબર, જેહાદ અને --------.(૩)

૪) મૌ.અબ્બાસ અલમદારે દશ્તે કરબલામાં ------ બનીને કિરદારે અઝીમ અદા કીધો અને તમામ અહલને ૭ મોહર્રમ પહેલા પાની પીરાવું. (૨)

૫) -------, ઝમીન અને ઝૈવરના સબબ અકસર કરીને લોગોમાં ઝઘડા થાય છે. (૨)

૬) -------- અને શીરીન લહેજામાં વાત કરવાથી હર દિલ પર કબ્ઝો હાસિલ કરી શકાય છે.(૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✩

---

રિઝ્ક-રોઝી બે તરહની છે : તલબ કરનાર અને જે ચીઝ તલબ થાય છે તે. હવે પછી કોઈ દુનિયાની તલબમાં ગિરફ્તાર રહે તો મૌત એને તલબ કરે છે. યહાં તક કે, મૌત એને દુનિયામાંથી નિકાલી મૂકે છે. જે કોઈ આખેરતને તલબ કરે તો દુનિયાની લઝ્ઝતો તેને તલબ કરે છે. યહાં તક કે, તેનાં હિસ્સાની તમામ રોઝી એને મિલી જાય છે.

Livelihood is of two kinds : The seeker and the thing sought. Therefore, he who runs after this world, death traces him till it turns him out of it; but he who seeks the next world, worldly desires itself seeks him till he receives all his livelihood from it. ✩

**કારોબાર કરવા વાસ્તે જે શખ્સની નિય્યત બીજાને છેતરવાની હશે, મજબૂરીનો ફાયદો લેવાની હશે,**

## નાઅતે મુનીર

જિસ દિલ કો દર્દે ઉલ્ફતે ખૈરૂલ બશર મિલે,
બેલૌસ ઉસકો કૈફ કી શામો સહર મિલે,
હક્ક કે નબી રસૂલે અમીં ફખરે કાએનાત,
દર કા તેરે ફકીર હું ઝાદે સફર મિલે.
યાદે નબી મેં રહેતા હું હર દમ મૈં બેકરાર,
દામન કો મેરે અશ્કો કે લાઅલો ગોહર મિલે,
અલ્લાહ રે મદીનાએ અહમદ કી અઝમતેં,
ખાકે બકીઅ કે ઝર્રો મેં શમ્સો કમર મિલે.
ચમકેગા આફતાબ કી માનિંદ હશ્ર મેં,
ઉલ્ફત મેં મુસ્તફા કી જો દાગે જિગર મિલે.
દુનિયા મિલે, મિલે ન મિલે, ઉસકા ગમ નહીં,
ઉકબા મગર દુરૂસ્ત હો જન્નત મેં ઘર મિલે,
મૈં ને કદમ ઉઠાય હે લેકર તેરા હી નામ,
મંઝિલ કી જુસ્તજૂ હે તેરી રાહગુઝર મિલે.
માના ખુદા નહીં હે, ખુદા સે જુદા હે કબ,
હક્કન ઉધર મિલેગા ખુદા, તું જિધર મિલે.
પહોંચે જો અર્શ પર શબે મેઅરાજે મુસ્તફા,
જિસ સિમ્ત કી નિગાહ અલી જલ્વાગર મિલે.
ખુત્બાતે મુસ્તફા કી થી સારે અરબ મેં ધૂમ,
જો ભી સખૂન મિલે વો સખૂન પુરઅસર મિલે.
પૂરા ન શૌકે દીદ હુવા ઝિંદગી મેં જબ,
હોતે હી બંદ આઁખ શહે બહરો બર મિલે.
આઁખો સે અપને દેખલું રોઝા હુઝૂર કા,
યા રબ યે આરઝૂ હે કોઈ રાહબર મિલે.
ફઝલે ખુદા સે મુઝકો શુઊરે સખુન મિલા,
બહેતર જહાઁ મેં ઈસ સે ન કોઈ હુનર મિલે.
કિશ્તીએ ઝીસ્ત બહરે હવાદિસ સે હોગી પાર,
હાતિમ ઝકી સા નાખુદા જબ મોઅતબર મિલે. ✫

## રૂબાઈ મોહંમદી

ઉસ નૂર સે મિલી હે અજબ રોશની મુઝે,
હર સાઁસ મિલ રહી હે નઈ ઝિંદગી મુઝે,
જન્નત કે સારે બાગ થે નઝરોં કે સામને,
ઉનકી ગલી હી જાને ક્યૂઁ અચ્છી લગી મુઝે.
નિકલે ન દમ હુઝૂર કે દીદાર કે બગૈર,
ઝિક્રે રસૂલે સૈયેદે અબ્રાર કે બગૈર,
મુમ્કિન નહીં સુકૂન કી દૌલત હમેં મિલે,
કુછ ભી લગેગા અચ્છા ન સરકાર કે બગૈર. ✫

---

(પેજ નં. ૩ નું બાકી)

બાબા બતૂલ આઈ હે તસ્લીમ કે લીએ,
ઉઠતે નહીં હો બેટી કી તાઅઝીમ કે લીએ.
ક્યા સો રહે હો કબ્ર મેં બાબા જવાબ દો,
ચિલ્લા રહી હે આપ કી ઝહરા જવાબ દો,
મૌલા જવાબ દો મેરે મૌલા જવાબ દો,
દિલ માનતા નહીં મૈં કરૂં ક્યા જવાબ દો.
બોલો મેં સદકે જાઉં બહુત દિલ મલૂલ હું,
બાબા બતૂલ હું, મૈં તુમ્હારી બતૂલ હું.
મૂઁહ રખકે બોલી કબ્ર પે બાબા બિછડ ગયે,
બાબા કિધર ગયે મેરે બાબા કિધર ગયે,
ક્યૂઁ ફાતેમા કો બેકસો બેયાર કર ગયે,
મુઝકો યતીમ કર ગયે, અચ્છા ન કર ગયે,
કૈસી હકીર બાદે રસૂલે કરીમ હું,
બાબા યતીમ હું મૈં તુમ્હારી યતીમ હું.
બાબ તુમ્હારી લાડલી બેટી કા લો સલામ,
યે ફાતેમા દુઃખ-દર્દ કી મારી કા લો સલામ,
અય બાબા-જાન આપ કી પ્યારી કા લો સલામ,
અબ તો યે ચક્કી પીસનેવાલી કા લો સલામ,
બાબા તુમ્હારી કબ્ર પર હર રોઝ આઊંગી,
અબ આઊંગી તો ફૂલોં કી ચાદર ચઢાઊંગી. ✫

**ગૈરજાઈઝ નફો હાસિલ કરવાની હશે, તો એની દૌલતમાં બરકત બાકી નહીં રહે.**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત – ૪

### કિતાબ : તન્બીહુલ ગાફેલીન

મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના મોહિબ્બ-મુમિન મુફઝઝલનો કિસ્સો અહવાઝ શહેરના વાલી સાથેનો છે કે, જે આપ મૌલાના ખાસ રૂકઆના સબબ, વાલી મુફઝઝલનું દેવું મુઆફ કરી દે છે. મુફઝઝલ મક્કાનો કસ્દ કરે છે, જેથી એ ઈમામે હક્કની મુલાકાત કરી શકે અને વાલી વાસ્તે ભલી દોઆઓ કરી શકે.

આ કિસ્સો મઝીદમાં એવો છે કે, મુફઝઝલ બયાન કરે છે કે, “તે પછી હું મક્કા ગયો અને મનાસિકે હરમ કરીને, અરકાને કાઅબા કરીને, ખૂબ-ખૂબ દોઆઓ કરીને, ત્યાંથી મદીના પહોંચો અને મારા મૌલાની હઝરતે જાઅફરીયહમાં ગયો, આપ મૌલાની મુલાકાતનો શરફ મને નસીબ થયો. આપના ચહેરા પર મૈં ખુશીના આસાર જોયા. તસ્લીમો તહીયાત બાદ આપે મને બેસવાનું કહ્યું અને પછી ફરમાવું કે, “અય મુફઝઝલ ! તમારા સાથે વાલીએ કેવો સુલૂક કીધો ? શું તમેં ખુશ થયા ? મૈં જવાબ આપો કે, “અય મૌલા ! આપની દોઆથી વાલીએ મારી ખૂબ ઈઝઝત કીધી. વાલીએ મને ઘણી ચીઝો અતા કીધી. હદીયાઓથી મને નવાઝો. **આપના તુફૈલથી અલ્લાહના કરમથી, જેની મને કોઇ ઉમ્મીદ ન હતી, તે મને દસ્તયાબ થઇ.**”

મારી આ બયાનીથી આપ મૌલાનો રૂખ મુબારક ચમકવા લાગો. આપે ખુશીનો ઈઝહાર કીધો. પછી મૈં અરઝ કીધી કે, “અય મૌલા ! જે તરહ વાલીએ મને ઘણું બધું આપીને ખુશ કીધો છે, તે મુજબ અલ્લાહતઆલા એને તે સઘલી બાબતોમાં ખુશ રાખે કે, જેની એ ઉમ્મીદ રાખતા હોય.” ઈમામ આલી મકામે ફરમાવું કે, “ખુદાના કસમ ! વાલીએ મને ખુશ કીધો છે. ખુદાના કસમ ! મારા બાવાજીઓને ખુશ કીધા છે. ખુદાના કસમ ! અમીરૂલ મુમેનીન અલીને ખુશ કીધા છે. ખુદાના કસમ ! રસૂલુલ્લાહ બાવાજીને ખુશ કીધા છે. ખુદાના કસમ ! અર્શ પર જલ્વાનુમા રબ્બુલ ઈઝઝતને ખુશ કીધા છે.”

ઊબૈદહ બિન ઝૂવારહ કહે છે કે, મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, “જે હુકૂમતમાં ઝાલિમ હાકિમો હુકમરાની કરતા હોય છે અને ત્યાં આમ લોગો પર મહેનતો મશક્કતના હાલાત પૈશ કરતા હોય છે, તે સાથે કેટલાક ખુદાના **ઔલિયાએ કિરામ** પણ રહેતા હોય છે. આ ઔલિયાની ઈબાદત-પરહૈઝગારીના સબબ ખુદા તેઓને ઝાલિમ હાકિમની બુરાઈ-સખ્તીથી બચાવતો હોય છે. આમ લોગો મુસીબતમાં ઔલિયાને નઝદીક આસરો તલબ કરતા હોય છે. **બિલાશક ! આ ઔલિયા તમામ સાચા મુમિન છે.**”

મુમિન મુફઝઝલ કહે છે કે, ઈમામ આલી મકામે ફરમાવું છે કે, “જબ્બારો અને ઝાલિમોના ખઝાનાઓ ખુદા હલાક કરે છે. મગર તેઓના નઝદીક ખુદાની ખલ્કમાંથી એક ભલી ખલ્ક પણ રહે છે. આ લોગોના દિલમાં ખુદાનો ડર હોય છે અને તેઓ એવો તકવા રાખે છે અને રાહે હક્કને અપનાવે છે કે, જબ્બાર હાકિમોનો કોઈ મકર આ ભલી ખલ્ક-ઔલિયા પર અસર કરતો નથી. ખુદા પોતાના ઔલિયાને જબ્બારોના ઝુલ્મથી બચાવે છે. **આ સઘલાને જહન્નમની આગથી ખુદાએ આઝાદ કીધેલા છે.** દુનિયામાં ગમે તેવી સખ્ત મુસીબત આવે, પણ ઔલિયા હસ્તા ચહેરે તેને બરદાશ્ત કરી લે છે.”

અબી બસીર કહે છે કે, ઈમામે સાદિકે આલે મોહંમદ (અ.સ.) ફરમાવે છે કે, “કોઈ એક એવો જબ્બાર શખ્સ દુનિયામાં પૈદા નથી થયો મગર એના ઘરમાં યા રિશ્તેદારોમાં યા તઅલ્લુકદારોમાં યા ખાદિમોમાં યા હમનશીનોમાં કોઈ એવો ભલો શખ્સ ઝરૂર હોય કે, જેના સબબથી ખુદા મઝલૂમ, મજબૂર, લાચાર, કમ્ઝોર લોગોની જાનને બચાવે. જબ્બાર બાદશાહના ઝુલ્મને ખિલાફ આ વલીએ કામિલની નૈકી એવી હોય અને હિદાયતના ખઝાના એવા હોય કે, દુનિયાના મઝલૂમ લોગો વાસ્તે એ આખેરતમાં બહેતરીન નસીબ તૈયાર કરે છે. ✫

**કોઈ શખ્સનો વેપાર–રોઝગાર એવા ઝરીઆથી હશે જે ફક્ત વ્યાજ, કમીશન,**

## અય કૈસ ! સાંભળો

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "અય કૈસ ! સાંભળો, તમને આ મારા કલામ તમારી ઝિંદગીમાં ઘણા કામ આવશે અને તમારા મુઆમેલાતને તમેં બહેતર તરીકાથી સંભાલી શકશો. તમારી ઝિંદગી ફક્ત આ દુનિયા નથી મગર આ ઝિંદગી એક મુકદ્દેમો છે તે ઝિંદગી વાસ્તે કે, જે બલંદ છે. તે હમેશાની ઝિંદગીની કિતાબ છે જે આખેરત છે. તમેં અગર ઇઝઝત હાસિલ કરો તો એવા પણ લોગો દુનિયામાં થાશે કે, જે તમારે ઝલીલ પણ કરશે. ઇઝઝત મિલે તો ફખર ના કરજો અને કોઈ જાહિલ તમને ઝલીલ કરે તો ગભરાશો ના."

"આ ઝિંદગી તમને અમલ કરવાની દાઅવત આપે છે. બરાબર અમલ કરતા રહો. મૌત પછી તમને અમલ કરવાનો મૌકો નહીં મિલે. અલ્લાહતઆલાએ હયાતને સાથે મૌતને જોડી દીધી છે. હમારી ખુશીનો હરએક અમલ તમને મૌતના બાદ મદદ પર આવશે. હર ચીઝનો હિસાબ બરાબર રાખો. દુનિયામાં જે શખ્સનો હિસાબ ચોખો હશે તો આખેરતમાં એને પોતાના આઅમાલનો હિસાબ આપવામાં દુશ્વારી નહીં થાય. તમેં અમલ કરો છો તો એમ હરગિઝ ના સમઝો કે, તમેં તેને તન્હા જાણો છો. **ના, હરએક ચીઝ પર અલ્લાહતઆલા એક રકીબ-નિગાહદાશ્તને મુકર્રર કરે છે.** આ રકીબ તમારા હર ઝાહિરી-બાતિની અમલ પર મુરાકેબત-અમલબીની કરે છે. અમલ કરનારો-આમિલ ભલે અમલ કીધા બાદ એના અમલને ભુલી જાય પણ રકીબ કોઈ પણ અમલને ભુલતો નથી."

"હાલાતે ઝિંદગી બદલાતી રહે છે. તમારી નઝરને સામે હર હાલતના બે રૂખ માઅલૂમ પડશે. **એક "હુસ્ન" હશે અને બીજો "સૂઅ" હશે.** "હુસ્ન" તે હસનત સાથે તઅલ્લુક રાખે છે અને "સૂઅ" તે સૈયેઅત સાથે. હસનત તે બહેતરી અને ભલાઈ છે અને સૈયૈઅત તે બદતરી અને બુરાઇ છે. આ બે માંથી તમને કોઈ એકને પસંદ કરવાની છે. તમેં બેવેને સાથે લઈને નહીં ચાલી શકો. હસનત અલ્લાહતઆલા તરફથી છે કે, જે સવાબની શિક્લમાં તમને હાસિલ થાશે અને સૈયેઅત તમારા બુરા અમલ છે કે, જેના બદલામાં અઝાબ મુકર્રર છે. હવે, જો તમેં આકિલ હોવ તો આ બે રૂખમાંથી કોઈ એક ને પસંદ કરી શકો છો કે, જે તમારા વાસ્તે ફાયદામંદ હોય."

"આ દુનિયામાં કોઈ પણ ચીઝ પૈદા નથી થઈ મગર તેની ઈબ્તેદા છે અને ઈન્તેહા છે. તેના વાસ્તે વક્ત મુકર્રર છે. હર ફેસલાને કિતાબમાં દરજ કરી દેવામાં આવો છે. તેમાં ફેરફાર કે ફરકો તબદુલની કોઈ ગુંજાઈશ નથી. તમારી ઝિંદગી ખૂબ જ તંગ અને મુખ્તસર છે, મગર વક્ત-ઝમાનાનો દાએરો ખૂબ જ કુશાદા છે. જિસ્મ ના આ તંગ આલમમાં તમેં એવા કામ કરી લો કે, મૌત બાદ યાઅની અજલ બાદ તમેં **કુશાદામાં કુશાદા આલમમાં** સૈર-ગશ્ત કરી શકો.

"અય કૈસ ! તમારા કરીન-દોસ્ત સાથે એ મુજબ દોસ્તી રાખો કે, જે વક્ત એ તમારા સાથે હોય તો તમારા અફકારો ખયાલાત અને વહેવારો તઅમ્મુલાતથી તે ઝિંદાદિલ હોવાનો અહેસાસ કરે. તમને મિલીને ખુશ-ખુશ થઈ જાય. જે વક્ત તમેં આ દુનિયાથી ગુઝરી જાવ તો તમારી અછતના સબબ એ તમારા દોસ્તને એમ લાગે કે, **એને પણ મૌત આવી ગઇ છે.** યા એ એવી ખ્વાહિશ રાખે કે, અય મારા પરવરદિગાર ! તું એ મારા ભલા દોસ્ત સાથે મારી દોસ્તી કરાવી આપી કે, જેએ મને ભલી રાહ બતાવી તો હવે મૌત આવે તો એવા ઈમ્કાન તું મને કરી આપજે કે, મૌત બાદ પણ મને મારા દોસ્તની સોહબત નસીબ થાય."

"અય કૈસ ! કોઈ પણ મઝહબનો શખ્સ તમને કરામત આપે, ઇઝઝત બખ્શે તો તમેં એના મઝહબ સામે ના જોજો, મગર તમેં પણ એને ઇઝઝત આપજો. જે કોઈ તમારા સાથે દગાબાઝી કરે, ધોકો દે, તો તમેં એની સોહબત છોડી દેજો. એના સાથે ખુશકલામી કરીને એને એના રસ્તે જાવા દેજો. કેમકે, તમેં એના જેવા નહીં થઈ શકો યા એમ બને કે, તમારા ખુશ-સુલૂકથી એને એની ખતાનો એહસાસ થાય અને એ રાહે રાસ્ત તરફ પલટી જાય. એવો શખ્સ અગર પલટીને તમારા પાસે આવે તો એને મુઆફ કરીને એને તમારી ખુશીમાં શામિલ કરી દેજો." ✫

**દલ્લાલી યા હરામ તરીકાથી હશે, તો એના દિલમાં સુકૂનો કરાર બાકી નહીં રહે.**

## ગુલ્શને ફિક્હ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર : કિસ્ત - ૭

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એક દિન ઝૈદ બિન અરકમની ઈયાદત અને તબીઅત પૂછવા પધારા. ઝૈદ આપને જોઈને ખૂબ મુતઅજ્જિબ થઈ ગયા. ઝૈદ બિસ્તર પર હતા તો આપે ઈશારો કરીને એને જેમ છે તેમ જ રહેવાનું ફરમાવું. ઝૈદે કહ્યું કે, "મરહબન બેઅમીરિલ મુમેનીન, ખુશ આમદીદ, અય અમીરૂલ મુમેનીન ! આપ મારી તબીઅત-પુરસી વાસ્તે પધારા છો ? હાલાંકે, મને ખબર છે કે, આપ હમારાથી નારાઝ છો, ખફા છો, હમારાથી આપની ઈતાઅતમાં કુસૂર થયો છે. આપ મૌલાનો હક્ક હમેં બરાબર અદા કરી શકા નથી. જે વક્ત પર હમને જે ચીઝ કરવી જોઈતી હતી, તે હમેં નથી કરી શકા. આપ હમને દરગુઝર કરીએ."

આપ મૌલા ફરમાવે છે કે, "તમારા વાસ્તે હમારી નારાઝગી તેની જગા પર છે, મગર અય ઝૈદ ! તે ચીઝ હમને તમારી ઈયાદત વાસ્તે રોકી શકે એમ નથી !" પછી આપે ઝૈદ અને અસ્હાબને મુખાતિબ થઈને ફરમાવું કે, "જે શખ્સ અલ્લાહતઆલાથી રહેમતનો તલબગાર હોય અને જેને અલ્લાહના વાઅદા પર યકીન હોય, એ કોઈ બીમાર શખ્સની તબીઅત-પુરસી વાસ્તે જાય તો જાનાર શખ્સ જહાઁ તક બીમારના નઝદીક બેસે, એના વાસ્તે ખૈરખ્વાહી અને ભલી દોઆઓ કરે, વહાઁ તક એ જાણે જન્નતના ખરીફમાં બેસેલા છે. યાઅની, જન્નતની તે મૌસમ કે, જેમાં જન્નતીઓ લઝઝતદાર ફલો જમે છે અને શુક્રે ખુદા કરે છે."

"હવે જે વક્ત એ શખ્સ બીમારના ઘરેથી નિકલે છે, તો અલ્લાહતઆલા તે દિન **સિત્તેર હઝાર ફરિશ્તાઓને** મોકલે છે કે, જેઓ એ શખ્સ પર પૂરી રાત તક સલવાત પઢતા રહે છે. અગર કોઈ શખ્સ બીમારની સાંજે ઈયાદત વાસ્તે જાય, તો જહાઁ તક એ બીમારના નઝદીક બેસે, દોઆ કરે, હિમ્મત અપાવે, ખૈરીયત ચાહે, તો જાણે એ જન્નતની ખરીફમાં બેસેલો છે. યાઅની, જન્નતની નેઅમતોથી ખાસ થઈ રહ્યો છે. પછી બીમારના ઘરેથી રૂખ્સત લે, તો જહાઁ તક ફજર થાય વહાઁ તક, સિત્તેર હઝાર ફરિશ્તાઓ બ-હુક્મે ખુદાવંદી એના પર સલવાતો સલામ પઢે છે. લેહાઝા, અય ઝૈદ ! હું એમ ચાહું છું કે, **આ કામમાં જલ્દી કરૂં.**"

મૌ.અલી સાહેબે ઝુલફિકારના આ કલામે મુફીદથી એમ સાબિત થાય છે કે, કોઈના સાથે ગમે તેવી નાઈત્તેફાકી હોય, દુશ્મની હોય, મગર જે વક્ત એ બીમાર થાય અને તાલિબે દોઆ થાય, તો તમામ ચીઝને એક જાનિબ મુકીને એ બીમારની ઈયાદત વાસ્તે જાવું જોઈએ. એની ખબરગીરી કરવી જોઈએ. આના સબબ સવાબમાં તો દાખિલ થવાય જ છે, મગર દિલોની કડવાશ પણ દૂર થઈ જાય છે. ખુશીમાં તો તમામ હાઝિર થાય છે પણ બીમારીના વક્ત પર હાઝિર થાવું અને પૂછવું આ અમલ **ઝિયાદહ આઅલા અને બરતર છે અને બાઇસે અજરો હસનાત છે.** આ અમલ અહલુલ બૈત (અ.સ.) નો ખાસ અમલ છે કે, જેથી ઉમ્મતના લોગોમાં હમદર્દી અને મોહબ્બતનું જૌહર બાકી રહે. બીમારી તે ઈન્સાનના સાયા મુજબ છે. કૌન, ક્યા વક્ત પર, કઈ જગા પર અને કઈ હાલતમાં બીમાર પડે તે કોઈ કહી શકતું નથી. બીમારી, લાચારી, મજબૂરીની હાલતે ખસ્તામાં જો એની હોંસલા-અફઝાઈ અને ખબરગીરી કરવામાં આવે, તો એ આ ચીઝને ઝિંદગીભર યાદ રાખે છે. ☆

---

**આકિલનો સીનો ભેદી–મખ્ફી વાતોની પેટી છે, ખુશમિઝાજી દોસ્તીનું રસ્સું છે, અસરઅંગેઝ બરદાશ્તગી ઐબોની આફતોની કબ્ર છે.**

**The bosom of a wise person is the safe of his secrets, cheerfulness is the bond of friendship, effective forbearance is the grave of short comings.**

**કોઈ ઉસ્તાદના નઝદીક કોઈ શખ્સ ઈલ્મ પઢશે અને તમામ તાઅલીમ હાસિલ કરશે,**

## હુનૈદી, હિન્દુસ્તાની યા હિન્દુ : કિસ્ત -૪

૧૪માં ફાતેમી ઈમામ મૌ.મોઈઝ (અ.સ.) ના ઝમાનથી યાઅની ૪થી હિ./૧૦મી ઈ.સદીથી હમારી શીઆ-ઈસ્માઈલી દાઅવતની તદબીરો અને સિયાસી સરગરમીઓ તૈઝ થઈ ગઈ. સિંધ-હિન્દના કુશાદા ઈલાકાઓમાં દોઆતે બલાગની ગિન્તી વધતી ગઈ, હમારા મઝહબે અહલે બૈત વાસ્તે દરસો દિરાસતની મજલિસો આમ થઈ અને દાઅવતે હક્કના ચમનમાં એક નવી બહાર રૂનુમા થઈ. આના જ નતીજા રૂએ ૧૮માં ફાતેમી ઈમામ મૌ.મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) એ ૪૮૦ હિ./૧૦૮૭ ઈ. ના કરીબ મિસિરથી યમનના દોઆત ની મદદથી ગુજરાતના ખંભાત બંદર તરફ મૌ. અહમદ (રિ.અ.) ને મોકલા, જેએ પછીના વરસોમાં હમારા મઝહબની **તબ્લીગ, નશ્રો ઇશાઅત અને ફેલાવ વાસ્તે મૌલાઇઓની તાઅલીમો તરબીયત કીધી.** યહાઁ તક કે, મિસિરથી ૨૧માં ફાતેમી ઈમામ મૌ. તૈયેબ (અ.સ.) ૫૨૮ હિ./૧૧૩૪ ઈ. માં સતરમાં ગયા, પોશીદા થયા અને આ દૌરે સતરમાં જઝીરએ યમનની દાઅવતે હક્કની કુલ્લી બાગદોડ અને ઝિમ્મેદારી ઝમાનાના ઈમામે હક્કના હુકમો ઈલ્હામથી દોઆતે મુત્લકીન (આ.કુ.) ના હાથમાં સિપુર્દ કરવામાં આવી.

“હિન્દમાં ઈસ્લામો ઈમાનને કોઈ મુસલમાન બાદશાહ લાવો યા ઝાલિમ બાદશાહના જૌરો જફાથી અને તલ્વારના ઝોર પર દીને ઈસ્લામને બલંદી મિલી !” આ વાત સરીહન ગલત છે, સફેદ જૂઠ છે અને બેબુનિયાદ તારીખ છે, જેની કોઈ સનદ તારીખની કિતાબોમાં મૌજૂદ નથી. મુસલમાનો તો પહેલાથી જ હુનૈદિસ્તાન-હિન્દુસ્તાનમાં વસેલા હતા. રસૂલુલ્લાહ બાવાજી આ દુનિયામાં પધારા તે પહેલા પણ દીને હક્કને માનનાર યહાઁ મૌજૂદ હતા અને કોઈ એક આખિરી નબી મબ્ઉસ થાવાનો-ઉઠવાનો ઈન્તેઝાર કરતા હતા. જે વક્ત મક્કામાં આપની પૈદાઈશ થઈ અને આપની ફઝીલતો અને મોઅજિઝાઓ ઝમાનામાં ઝાહિર થયા, જગા-જગા તેની ઝિક્રે ખૈર થાવા લાગી અને દીને હક્કની તબ્લીગ આપના હાથ પર ઈબ્તેદા થઈ તો **હિન્દુસ્તાની લોગો હિન્દમાં રહી આપના ઉપર ગૈબી ઇમાન લાવા.**

હિન્દુસ્તાનમાં દિલ્હી પર ૭ મી હિ./૧૩ મી ઈ. સદીથી મુખ્તલિફ મુસ્લિમ શાહોની સલ્તનતોનો દૌર શુરૂ થયો. આ સુલ્તાનો ઈરાન, તુર્કી, અફગાનિસ્તાન, મોંગોલિયા વગૈરહ મુલ્કોથી આવી શિમાલી-ઉત્તરી હિન્દના ઈલાકાઓથી દાખિલ થયા અને વક્તન-ફ-વક્તન દિલ્હીને રાજધાની-પાયએ તખ્ત બનાવું. તે પહેલા હમારી શીઆ-ઈસ્માઈલી-તૈયેબી દાઅવત ગુજરાત અને તેની આસપાસના સુબાઓમાં મઝબૂત અને પાયેદાર થઈ ચૂકી હતી. મૌ.અહમદ પછી ઘણા બધા મૌલાઈઓએ પૂરી **જિદ્દો કદ, મહેનતો મશક્કત કરીને, જાઁફિદાઇ** સાથે જામે શહાદત પીને, દાઅવતે હક્કના નિઝામને બહેતરીથી સંભાલીને રાખો હતો. મુમેનીનને રાહે હિદાયત બતાવી, શરીઅતના અરકાનને મઝબૂત કીધા હતા.

હમારી બોહરાઓની ગુજરાતની તારીખ પર હમણા તક જેટલી દાઅવતના ઊસૂલો નિઝામને લગતી મુખ્તલિફ મુસન્નિફો-લેખકોએ કિતાબો લખેલી છે, તેમાં ભારી ગલતીઓ થયેલી છે. મવાદની કમી, ગૈર-મુન્સિફાના નઝર અને જેહાલતો દુશ્મનીના સબબ એવી ચીઝો લખવામાં આવી અને માની લેવામાં આવી કે, જેની કોઈ હકીકત જ નથી. એમ હરગિઝ નથી કે, મૌ.અહમદ અને આપના મદદગારો જેનો ખંભાત-પાટણ-સિધ્ધપૂરના ઈલાકાને ઈર્દ-ગિર્દ કિયામ હતો, તે વક્તથી જ હમારી કૌમ-જમાઅત વુજૂદમાં આવી ? **ના ! ના ! આ વાતમાં કોઇ સદાકત નથી.** યા કોઈ એમ કહે કે, હમેં તમામ બ્રાહ્મણ હતા પછી દીને હક્કના દાએરામાં શામિલ થયા ? ના ! ના ! આ તમામ મનઘડીત અખ્બાર છે કે, જેની કોઈ અસ્લીયત નથી. બલ્કે, હકીકતમાં **હમારી ઇસ્માઇલી દાઅવતને માનનાર લોગો પહેલાથી જ ગુજરાતમાં વસેલા હતા.** ફાતેમી ઈમામોના સિલસિલામાં માનનાર મુમેનીન મૌ.અહમદના ખંભાત આવવા પહેલા, દરિયાઈ રસ્તાઓના ઝરીએ જહાનના બીજા લોગો સાથે ગુજરાતમાં વેપાર-રોઝગારમાં રચા પચા હતા. વક્તના તકાઝાને મદ્દે નિગાહ રાખીને મુમેનીન તકીયો ઈખ્તેયાર કરીને પોતાના અકીદાઓને મહેદૂદ લોગોમાં જ ઝાહિર કરતા હતા. ✯

**મગર જે વક્ત એના ઈલ્મ પર એને તકબ્બુરી થાશે અને એના ઉસ્તાદની બેઈઝ્ઝતી કરશે, તો એનું ઈલ્મ બાકી નહીં રહે.**

## હાતિમી કલમ અને અલવી ઈલ્મ - કિસ્ત - ૨

યમનના તીસરા દાઈએ મુત્લક સૈ.હાતિમ સાહેબ (આ.કુ.) આપની કિતાબ "અલ-મજાલિસુલ હાતિમીયહ" માં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને અબ્દુલ્લાહ બિન સલામ યહૂદીના ગિરોહ સાથે સવાલ-જવાબની ઝિક્ર ફરમાવે છે. ગઈ કિસ્તમાં બે સવાલની ઝિક્ર થઈ ચુકી છે કે, જેમાં અબ્દુલ્લાહએ મૌ.અલી (અ.સ.) ને પૂછ્યું હતું કે, આસ્માનો અને ઝમીન કરતા કઈ ચીઝ ઝિયાદહ મોટી-અઝીમ છે ? અને દરીયા કરતા કઈ ચીઝ ઝિયાદહ ગની છે, ખઝાનેદાર છે ? આપે એના જવાબમાં ઈલ્મના ગૌહર નશર કીધા.

આ કિસ્તમાં બીજા બે સવાલ પૈશ કરવામાં આવે છે. અબ્દુલ્લાહ મૌ.અલી ને પૂછે છે કે, પત્થર કરતા કઈ ચીઝ ઝિયાદહ સખ્ત છે ? આપ મૌલાએ જવાબમાં ફરમાવું કે, **"પત્થર કરતા ઝિયાદહ સખ્ત મુમિન-કાફિરનું દિલ છે."** અબ્દુલ્લાહએ મુતઅજ્જેબાના લહેજામાં પૂછ્યું કે, "અય અલી ! મને સમઝાવો કે, મુમિન પણ અને કાફિર પણ, આ કઈ તરહ મુમ્કિન છે?" આપે ફરમાવું કે, કેમ નહીં ! બિલકુલ મુમ્કિન છે. ઘણા લોગો એવા હોય છે કે, જે ફક્ત ઝબાનથી ઈમાન લાવે છે પણ તેઓના દિલ કુફ્રથી ભરેલા હોય છે. ઝબાની ઈકરારના પાછલ દિલી ઈન્કાર છુપાયેલો હોય છે.

તેઓ કોઈ ખૈર કામને, શોહરત કમાવવાનો અને વાહ-વાહ થાય તેનો રસ્તો બનાવી લે છે. જો શોહરત ના મિલે તો તે કામ કરવાનો સાફ ઈન્કાર કરી દે છે. અમલે ખૈર કરવાથી હાસિલ થાનારા અજરો સવાબની ખુશીનો કોઈ અહેસાસ તેઓના દિલમાં હોતો નથી. બીજાની લાચારી અને મોહતાજગીનો અસર પણ થાતો નથી. નૈક નિય્યતથી કોઈ ચીઝ તેઓને આપવામાં જો આવે તો કોઈ શુક્રગુઝારી યા કિફાયત-શેઆરી નો ઈઝહાર કરતા નથી. જાણે તે ચીઝ મિલી જ ના હોય. જ્યાં દુનિયાવી ફાયદો જોઈ ત્યાં દિલને ઝુકાવી દે. જ્યાં રાહત જોઈ ત્યાં દિલને વાલી દે. તેઓ જે ઝબાનથી અદા કરે, તેનો દિલ અને અમલથી કોઈ તઅલ્લુક જ હોતા નથી.

પત્થર-દિલ મુમિન એ છે કે, જે કાફિરાના અમલ કરે. નમાઝ પઢા બગૈર અલ્લાહને માને. રોઝા રાખા બગૈર જહન્નમથી છુટકારો ચાહે. કલામે હક્ક પઢા બગૈર કામોમાં આસાનીની ઉમ્મીદ રાખે, ઝકાત આપા બગૈર રોઝીમાં બરકતની તમન્ના રાખે, ખિદમતે વાલેદૈન કીધા બગૈર રાહતે જન્નતને ચાહે, સદકો આપા બગૈર હમ-ગમથી દૂરી ચાહે, મુમેનીનથી મોહબ્બત રાખા બગૈર સમાજી મદદ ચાહે, ઘરની પાકી રાખા બગૈર તેમાં સુકૂનની ખ્વાહિશ રાખે, ભાઈઓથી ભલાઈ કીધા બગૈર ખુલૂસ ચાહે, હલાલ રોઝી હાસિલ કીધા બગૈર ફાયદાની ઉમ્મીદ રાખે, વગૈરહ.

પછી, અબ્દુલ્લાહએ મૌ.અલીને પૂછ્યું કે, આગ કરતા કઈ ચીઝ ઝિયાદહ ગરમ છે? આપે ફરમાવું કે, **"આગ કરતા ઝિયાદહ ગરમ એક દુનિયાદાર લાલચી શખ્સની લાલચ-તમાઅ છે."** આ લાલચ-હિર્સના સબબ એને કોઈ ચીઝ હાસિલ થાતી નથી યા કોઈને કઈ હાસિલ થાય છે તો એને બરદાશ્ત થાતું નથી. જે મુજબ કોઈ ચીઝમાં આગ લાગે તો તે ચીઝ ખાક, ખોખલી યા ખત્મ થઈ જાય છે. તેમાં તાઝગી, કરામત, તાકત અને રોનક બાકી રહેતી નથી. તે જ મુજબ જે શખ્સ હરીસ હશે, તમાઅ-લાલચથી ભરેલો હશે એને હિર્સની આગ ખાઈ જાય છે. એની રોનક અને ઈઝ્ઝત ખત્મ થઈ જાય છે.

હિર્સ એક બદતરીન બેકરારી છે. **હિર્સ કરનારના દિલમાં ચૈન-ઇત્મિનાન રહેતું નથી.** બીજાનું જોઈને એને હર વક્ત નવી-નવી ચીઝો હાસિલ કરવાની તાલાવેલી અને ખંજોલ થાયા કરે છે. અલ્લાહતઆલાએ એને જે કઈ નેઅમતો-રાહતો-સામાન-મિલ્કતો આપી હોય છે, તેનાથી એને ઝરા પણ કિફાયત થાતું નથી. એની તાઅલીમ, મહેનત, હુશિયારી, તજરૂબો, સુલાહીયત, નિય્યત મુજબ એના નઝદીક દુનિયાદારીનો સાઝો સામાન મોહય્યા હોય છે. મગર હિર્સની આગના સબબ, તેના શોઅલાઓ એના દિલો ઝહેનમાં ભડકે છે અને તે પોતાના પાસે રહેલી નેઅમતોની કીમત, કદર અને શુક્ર ભુલાવી દે છે. તે નેઅમતો સિવાય કોઈ બીજી ચીઝ હાસિલ કરવા પાછલ એને જુનૂન સવાર થઈ જાય છે. ✫

**બાવાજી એની ઔલાદ નઝદીક એના બૈરોની બેઈઝ્ઝતી કરશે, હુંકારે-ટુંકારે બોલાવશે,**

## મસ્જિદ કઈ ? - કિસ્ત -૧

કુરઆને કરીમમાં સૂરતુત્તૌબામાં અલ્લાહતઆલા મસ્જિદની કૈફીયતની ઝિક્ર ફરમાવે છે. બયાન આ મુજબ આવેલું છે કે, કેટલાક મુનાફિકો મદીનામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નઝદીક આવા અને અરઝ કીધી કે, અય અલ્લાહના રસૂલ ! બની સાલિમ કબીલામાં એક મસ્જિદ બનાવવાની ઈજાઝત આપો, જેનાથી તે મસ્જિદમાં બીમારો, ઝઈફો અને ખરાબ મૌસમના સબબ કે જે વક્ત રાતમાં આંધી-તૂફાન-વરસાદ આવે, તો લોગોને આસરો મિલે અને રાત ગુઝારી કરી શકે. **નબી સાહેબે તે મસ્જિદ બનાવવાની ઇજાઝત આપી.** આ તે વક્તે શદીદ હતો કે, આપ અને આપના અસ્હાબ તબૂકની જંગમાં જાવા વાસ્તે પુરજોશ તૈયારીમાં હતા. લેહાઝા, આપ યા આપના કોઈ નઝદીકના સાહેબ તેમાં નમાઝ પઢાવવા વાસ્તે પધારા નહીં. પણ આપે મીઆદ એમ આપો કે, જંગથી ફારિગ થઈને આપ મદીના પધારશે, તો ઈન્શાઅલ્લાહ તે મસ્જિદમાં નમાઝ વાસ્તે કસ્દ કરશે.

તબૂકની જંગથી આપ ફતેહયાબ થઈને પાછા મદીના પધારા તો અલ્લાહતઆલા તરફથી મસ્જિદ વાસ્તે આયતો નાઝિલ થઈ કે, જે લોગો એ આપની ઈજાઝત લઈને મસ્જિદ બનાવી છે, તેઓ મસ્જિદને દુશ્મનાને ઈસ્લામની મદદ કરવા, મુમેનીનને નુકસાન-મઝર્રત પહોંચાવવા, કુફ્ર-નિફાકની વાતો ફેલાવવા, અહલે ઈસ્લામના દરમિયાન તફરીકો જુદાઈ પૈદા કરવા ઈસ્તેમાલ કરે છે. **આ લોગો મુનાફેકીન માંથી છે.** આપના ખિલાફ મસ્જિદને કુફ્રનો મોરચો બનાવો છે. નમાઝ પઢવાની તો દૂરની વાત છે, મગર આપ તેમાં ઠહેરશો પણ નહીં.

દૌમતુલ જુન્દલનો રાજા અકીદરએ નબી સાહેબના અસ્હાબને કત્લ કરવાનો ઈરાદો કીધો. તે વાસ્તે મદીનાના કેટલાક મુનાફિકો રાજાના નુમાઈંદા અબૂ આમિર ઈસાઈ પાદરીને સાથે મિલીને, ખૂફીયહ તૌર પર આ મસ્જિદ કે, **જેનું નામ મસ્જિદે ઝિરાર હતું,** તેને બનાવવાની સાઝિશ કીધી. આ મકરબાઝીમાં મુનાફિકો બહાનાબાઝી કરીને જંગે તબૂકમાં ગયા નહીં. જે મુજબ ઉપર ઝિક્ર થઈ કે, નબી સાહેબ તબૂક ગયા તે પહેલે આ મસ્જિદમાં નમાઝ પઢાવવા વાસ્તે સોચી રહ્યા હતા. લેહાઝા, તેના તરફ જાવા વાસ્તે આપે આપના યાઅફૂર નામી ખચ્ચર પર સવારી કીધી. મગર તે ઝરા પણ આગલ જાય જ નહીં. ખૂબ કોશિશ કીધી મગર તે ત્યાં જ ઊભું રહ્યું. પછી આપે ઘોડાની સવારી કીધી, મગર ઘોડો પણ અડી ગયો અને તે એક કદમ પણ આગલ ના વધો. અસ્હાબની કોશિશોના બાવુજૂદ કોઈ એક તદબીર પણ કામ લાગી નહીં.

તો, આખિરકાર આપ પૈદલ ચાલવા લાગા. આપે અસ્હાબને પણ સાથે આવવાનું કહ્યું. પૈદલ ચાલવામાં પણ આપને અને અસ્હાબને સખ્ત તકલીફ થાવા લાગી. જાણે કે, કોઈએ કદમોને પકડી લીધા હોય ! **કદમ તેની જગા પરથી ઉઠે જ નહીં.** મસ્જિદ તરફ જાય તો અઝહદ તકલીફ થાય. મગર કોઈ બીજી તરફ રૂખ કરીને ચાલવાનું શુરૂ કરે, તો આસાનીથી કદમ ઉપડી જાય. રાહ ખુદ-બ-ખુદ આસાન થઈ જાય. આ બાબતનો નબી સાહબને અહેસાસ થયો, તો આપ સમઝી ગયા કે, આ અમર-બિના ઝરૂર અલ્લાહતઆલા તરફથી છે. આ અમરમાં હિકમતે ઈલાહીયહ છુપાયેલી છે. આ બિના પર આપે તે મુનાફેકીનને તલબ કીધા અને ફરમાવું કે, હમણા મસ્જિદમાં આવવું મુમ્કિન નથી, તબૂકની વાપસી પર મૌકૂફ રાખીએ અને આપ અસ્હાબ સાથે તબૂક પધારી ગયા.

આપ નબી સાહેબના રવાના થાવા બાદ મુનાફિકોને ખુલ્લું મૈદાન મિલી ગયું અને તેઓ અહલે ઈમાનને ખિલાફ મોટી-મોટી સાઝિશો કરવા લાગા. તરહ-તરહના તરીકાથી મુસલમાનોને ઈઝા પહોંચાવવાની ફિકરમાં પડી ગયા. લેહાઝા, અલ્લાહતઆલા તરફથી હુક્મ સાદિર થયો કે, "અય મારા નબી ! યા તો આપ તબૂક પધારો અને અલીને મદીનામાં મુકી જાવ, યા તો અલીને તબૂક મોકલો અને આપ મદીનામાં રહી જાવ. **આપ બેવે માંથી કોઇ એકને**

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

**બદકલામી કરશે, તો ઘરમાં એના કલામ અને ઝબાનનો કોઈ અસર યા વઝન બાકી નહીં રહે.**

## તિજારત

**Ismat Tinwala (MA, B.Ed.)**
**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.
**8th to 12th (GSEB, CBSE, ICSE)**
**A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.**
**Ph.: 09409156524** ☆

## હાતેમી કલેક્શન

**રીદા, જોડી, ડ્રેસ, કોટન દુપટ્ટા, ટી-શર્ટ, સલવાર, મોજા, હેન્ડબેગ, સ્કાફ, નુરી ટોપી, બ્રોચ, પીન, કપડાના પાઉચ, સફરા, જાજમ અને લેડીસ રીલેટેડ આઇટમ્સ ના વેપારી.**
**234, Panchvati, Shree Rang Building, First Floor, Opp. Taiyebi Masjid, Ajwa Road, Vadodara - 390019.**
**FATEMA B. BHAISAHEB**
**Ph.: 9408786281 / 7990540997** ☆


**કોઈ શખ્સને પૈસાની લેવડ-દેવડ અને વહેવારની ઝિમ્મેદારી સોંપવામાં આવે અને એ હિસાબ-કિતાબ આપવામાં આનાકાની કરશે, અને ઢીલ કરશે તો એના ઉપર એતેમાદ-વિશ્વાસ બાકી નહીં રહે.**

**ઝઘડો કરવાથી.....**
**સોચ-સમઝમાં બિગાડ આવી જાય છે.**

(પેજ નં. ૧૫ નું બાકી)

**મદીનામાં હાઝિર રહેવું ઝરૂરી છે."** આ ફરમાન મુતાબિક નબી સાહેબે મૌ.અલીને મદીનામાં ઠહેરવાનું ફરમાવું.

મૌ.અલીએ ફરમાને નબવીને મન્ઝૂર તો કીધું, મગર એટલું આપના તરફથી ઈઝહાર કીધું કે, "યા રસૂલલ્લાહ ! આપના સાથે તબૂક જાવું મને ઝિયાદહ પસંદ છે." નબી સાહેબે અલીના દિલને પઢી લીધું હતું. આપે જવાબ આપો કે, અય મારા અલી ! શું તમને આ વાત પસંદ નથી કે આપનો મકામ મારા નઝદીક તે મુજબ હોય કે, જેમ મૌ.મૂસાના નઝદીક મૌ.હારૂનનો મકામ હતો. યાઅની, **આપ મિસ્લે હારૂન મારા ખલીફા બનો.** મગર ફરક એટલો જ છે કે, મારા પછી કોઈ નબી નથી, યાઅની મારા ઈન્તેકાલ બાદ આપ નબી નથી પણ મારા વલી છો, વસી છો." મૌ.અલીએ ફરમાવું કે, "જેમ આપની મરઝી યા રસૂલલ્લાહ ! હું રાઝી છું." ☆

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD શૈખ ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ☆

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.